| | |
|---|---|
| દાખલ થયા તારીખ | ૧૩–૦૨–૨૦૨૪ |
| નોંધણી થયા તારીખ | ૧૩–૦૨–૨૦૨૪ |
| ફેંસલ થયા તારીખ | ૦૯–૦૩–૨૦૨૪ |
| સમયગાળો | વર્ષ– માસ– દિવસ<br>૦૦– ૦૦– ૨૫ |

**પાટણના મે. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબ શ્રીની કોર્ટ. મું.પાટણ**

**ક્રિમીનલ કેસ નં. ૪૧૫/૨૦૨૪**

**આંક – ૫**

ફરિયાદીઃ– શ્રી સરકાર

વિરૂદ્ધ

આરોપી – અલ્પેશજી અરવિંદજી ઠાકોર, ઉ.વ.આ.૨૨
રહે.મહેમદપુર, તા.જી.પાટણ

**ગુનો – પ્રોહીબીશન એકટની કલમ–૬૬ (૧)(બી),૮૫(૧) મુજબ.**

**ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી સી.એલ.દરજી**

**આરોપી પક્ષ તરફે વિ.વ.શ્રી**

**– :: કબૂલાત ઠરાવ ::–**

૧. ફરિયાદ પક્ષના કેસની હકિકત ટૂંકમાં એવી છે કે, આરોપીએ ગેર કાયદેસર વગર પાસ પરમીટે જાહેરમાં દારૂ પીધેલ હાલતમાં લથડીયા ખાતો મળી આવીને પ્રોહીબીશન એકટની કલમ–૬૬ (૧)(બી),૮૫(૧) મુજબનો ગુનો કરેલો છે.

૨. આ કામે આરોપીએ આજરોજ હાજર થઇને આંક–૨ થી ગુના કબૂલાત પુરસીસ આપી તેઓએ ગુનો કબૂલ કરેલ છે. ગુના કબૂલાત પુરસીસ વંચાણે લેતા તેમનો પ્રથમ ગુનો છે. તેઓ ગરીબ તથા કુટુંબ કબીલાવાળા માણસ છે. તેઓ ગુનાની કબુલાત કોઇ ધાક ધમકી કે દબાણ વગર કરે છે જેથી તેમના ઉપર દયા કરવા વિનંતી કરેલ છે. આ કામે આરોપી સામે આંક–૩ થી તહોમતનામુ ઘડી, વાંચી સંભળાવી સમજાવેલ. ત્યારબાદ આંક–૪ થી આરોપીની પ્લી લેતાં તેઓને પોલીસ પેપર્સની નકલો મળેલ છે તેમ જણાવી આરોપીએ સ્વૈચ્છાએ ગુનો કબૂલ કરેલ છે. આમ, કેસની હકીકત તથા આરોપીના આર્થિક સંજોગો, તેઓની સ્વૈચ્છિક ગુનાની કબૂલાત ધ્યાને લેતા તેમજ નામદાર ગુજરાત હાઇકોર્ટ જી.એલ.આર. ૨૦૦૫(૧), પાન નં.૭૦૯ ગુજરાત રાજય વિ. નટવર હરચંદજીના કેસમાં આપેલ સમજુતી મુજબ આરોપીને સુધરવાની તક આપી આરોપીને કાયદામાં જણાવેલ પુરેપુરી સજા અને દંડ ન કરતા ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– :: હુકમ :: –**

૧. આ કામના આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૧ અન્વયે દોષિત ઠરાવી, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૮(૨) મુજબ પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)(બી),૮૫(૧) મુજબ સજાનેપાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવી આરોપીને **કુલ** રૂપિયા ૩૦૦/–(અંકે રૂપિયા ત્રણસો) પૂરા નો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ન ભરે તો દિન–૩ (ત્રણ) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આરોપીના જામીન ખત, મુચરકા અપીલ સમય મુદત સુધીના ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૦૯ માહે માર્ચ સને ૨૦૨૪ નારોજ સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ. ૦૯–૦૩–૨૦૨૪ (અનિલકુમાર શામજીભાઇ ગોહેલ)
પાટણ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, પાટણ
UI Code No.GJ.01154

"એચ.એમ.ઠાકર"